https://www.iamgujarat.com/latest-news/ahmedabad-news/responsible-amdavadi/dhal-ni-pole-gets-a-make-over-ahead-of-three-day-dhal-ni-pole-festival-332959/

# અમદાવાદઃ ઢાળની પોળની મુલાકાત લેશો તો તમને મળશે જબરદસ્ત સરપ્રાઈઝ!

1/9 પોળનું મેકઓવરઃ




અમદાવાદઃ તમે પોળમાં જાવ તો તમારી અપેક્ષા શું હોય? નજીક નજીક બંધાયેલા ઘર, સાંકડી શેરી, જૂનુ બાંધકામ, પથ્થર કે લાકડા પર ઝીણી કોતરણી અને સંપથી રહેતા લોકો, બરાબર? પરંતુ હવે તમે આસ્ટોડિયા વિસ્તારની ઢાળની પોળમાં રહેશો તો તમને પોળ એક નવા જ અવતારમાં જોવા મળશે. તેમાં ઘરની બહાર હવાને ચોખ્ખી બનાવતા છોડ મૂકવામાં આવ્યા છે, ઘરની ઉપર કાગળના લેમ્પશેડ મૂકાયા છે અને પોળની કેટલીક દીવાલો પર રંગબેરંગી ગ્રેફિટી ચીતરવામાં આવી છે. આપણા વારસાને આધુનિક ટચ આપવાનો આ એક સંનિષ્ઠ પ્રયાસ છે.

2/9 ઢાળની પોળ ફેસ્ટિવલઃ



શુક્રવારે ત્રણ દિવસ ઢાળની પોળ ફેસ્ટિવલ શરૂ થઈ રહ્યો છે. અહીં અત્યારે શાંતિને બદલે પ્રવૃત્તિઓનો ધમધમાટ છે. વોલ પેઈન્ટિંગ કૅશોપ, આર્ટ અને આર્કિટેક્ચર એક્ઝિબિશન, ફ્યુઝન મ્યુઝિક અને ડાન્સ, ગેમ્સ અને ટેસ્ટી ફૂડ માણવા મળશે. શહેરના બ્રિહતી ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાયેલા આ પ્રોજેક્ટને થ્રી ફાઉન્ડેશન અને એલાયન્સ ફ્રાન્સિસ પણ સપોર્ટ કરે છે. ઢાળની ફેસ્ટિવલ બ્રિહતી ફાઉન્ડેશનના LxS (લોકલ ટુ સોસાયટી) પ્રોજેક્ટના ભાગરૂપે યોજવામાં આવે છે.

3/9 આ છે હેતુઃ



બ્રિહતી ફાઉન્ડેશનના સ્થાપક ક્રિષ્ણા હાન્ડા જણાવે છે, “આ પ્રોજેક્ટનો હેતુ આવનારી પેઢી પોળને એક જીવંત જગ્યા તરીકે જુએ અને યાદ રાખે તેવો છે. આ જગ્યાની તેના બાંધકામ, તેની સંસ્કૃતિ, તેના આડોશ-પાડોશની આગવી કહાની છે. પણ યુવાનો આ જગ્યાએ આકર્ષતા નથી. આ પ્રોજેક્ટ દ્વારા અમે સ્વચ્છતાથી માંડીને પોળમાં લીલોતરી વધારવા સુધીના પ્રયત્નો કરી રહ્યા છે. આથી પોળની સુંદરતામાં વધારો થાય.”

4/9યુવાનો પ્રવૃત્તિનો ભાગ બનેઃ



તેમણે વધુમાં જણાવ્યું, "અમે લોકોને પોળમાં થતી વિવિધ પ્રવૃત્તિઓનો ભાગ બનાવવા માંગીએ છીએ. અમે ફૂડ ફેસ્ટિવલ, ફિલ્મ સ્ક્રીનિંગ્સ યોજીને આ પ્રવૃત્તિઓમાં વધુ ભાગ લેતા થાય તેવા પ્રયત્નો કરશો. આ પ્રવૃત્તિની સમાજ પર પણ હકારાત્મક અસર પડશે."

5/9ઢાળની પોળ ફેસ્ટિવલઃ



6/9ઢાળની પોળ ફેસ્ટિવલઃ



7/9ઢાળની પોળ ફેસ્ટિવલઃ



8/9ઢાળની પોળ ફેસ્ટિવલઃ

